



# અમોઘ મહામૃત્યુંજય કવચ

કાળચક્ર
યજ્ઞાનંદ




આજના કળિયુગમાં કોઇ પણ જગ્યાએ ભરોસો રાખી શકાય તેમ નથી, કારણ કે સાઈડ ઉપર ઊભા હોય તો પણ વાહન તમોને ઉડાડી દે. કોઇ પણ વ્યક્તિ મારામારી, ગુંડાગર્દી કરીને તમારો જીવ લઈ લે. આ પ્રકારની ઘટના રોજ વાંચવા-સાંભળવા-જોવા મળે છે તેથી તેનાં રક્ષણ માટે આ કવચ ઉપયોગી છે.

શું તમે જાણો છો કે, જયારે મૃત્યુનો સમય ના હોય એટલે કે તમારી જન્મકુંડળીમાં મૃત્યુનો યોગ તે સમયે ના હોય પરંતુ છતાં પણ મૃત્યુ થવાથી 'અકાલ મૃત્યુ' કહેવાય છે. એટલે કે દરેક ડગલે ને પગલે જયારે મૃત્યુ સામે ઊભું હોય છે! દરેક દિવસ, દરેક સમય-હૃદયમાં એક ડર જેવું લાગેલું હોય છે કે આ ભાગ-દોડની જિંદગીમાં મારાં સંતાનને, મારા સુહાગને, મારા પોતાનાને કંઈ થઈ ના જાય. દરેક પળ, દરેક ક્ષણ એક ભય લાગે છે કે, શું ખબર કે કયારે કંઈ થઈ જાય, કયારેક કોઈ અનર્થ ના થઈ જાય. કોઈ દુર્ઘટના, કોઈ અનહોની ના થઈ જાય. થોડુંક મોડું થતાં જ મન આશંકાથી ભરાઈ જાય છે. તમારી આ આશંકાના નિવારણ માટે તંત્રશાસ્ત્રોમાંથી એક ઉપાય શોધી કાઢયો છે. તે છેઃ 'અમોઘ મહામૃત્યુંજય કવચ'. આ અમૂલ્ય જીવનના રક્ષણ માટે આ કવચ એક ઢાલ બનીને રક્ષણ કરશે. દરેક દુર્ઘટનાથી, અકાળ મૃત્યુથી! 'ક્રિયોડ્ડીશ તંત્રમાં પણ આ કવચનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. આ કવચ વિશે ભગવતીએ ભગવાન શિવજીને કહ્યું છે કે, 'હે દેવ! તમે મને મૃત્યુથી રક્ષણ કરનાર તથા બધા પ્રકારનાં અશુભોનો નાશ કરનારું કવચ બતાવો.' ત્યારે શિવજીએ 'મહામૃત્યુંજય કવચ' બતાવ્યું. ખરેખર મહામૃત્યુંજય કવચ-મૃત્યુ પર વિજય મેળવવાનો અદ્દભુત ઉપાય છે. આ ઘાત-પ્રતિઘાતના યુગમાં દરેક વ્યક્તિએ આગળથી રક્ષણ માટે મહામૃત્યુંજય કવચ ધારણ કરવું શુભ રહે છે. વધુ શુભતા માટે મહામૃત્યુંજય કવચની મુદ્રિકા પણ ધારણ કરીને રાખવી.

### મહાશિવરાત્રિમાં સાક્ષાત્ શિવ-સ્વરૂપ

# એકમુખી રુદ્રાક્ષ ધારણ કરવાનો સુવર્ણ અવસર

યંત્ર-મંત્ર-તંત્ર
યજ્ઞેશ ત્રિવેદી

ગોળાકાર અને અર્ધચંદ્ર જેવો દેખાતો એકમુખી રુદ્રાક્ષ ઘણો જ પવિત્ર માનવામાં આવે છે. પરંતુ ગોળાકાર એકમુખી રુદ્રાક્ષ મળવો ઘણો જ દુર્લભ છે. બજારમાં જે ગોળાકાર એકમુખી રુદ્રાક્ષ મળી રહ્યા છે તે બધા નકલી હોય છે. પરંતુ આસ્થાના નામ પર ઘણું બધું વેચાઈ રહ્યું છે.

એકમુખી રુદ્રાક્ષ- શક્તિ, ઊર્જા, સત્ય અને મોક્ષનો પ્રબળ સ્રોત માનવામાં આવે છે. એક મુખી રુદ્રાક્ષ સાક્ષાત્ ભગવાન શિવનું સ્વરૂપ છે. આ રુદ્રાક્ષમાં સાક્ષાત્ મહાદેવ નિવાસ કરે છે. આ રુદ્રાક્ષનો સ્વામી સૂર્ય ગ્રહ છે. આ રુદ્રાક્ષને ધારણ કરનાર વ્યક્તિ પોતે ભગવાન શિવ સાથે જોડાયેલો હોય છે.

**એકમુખી રુદ્રાક્ષનું ધાર્મિક મહત્ત્વ**

રુદ્રાક્ષોમાં એકમુખી રુદ્રાક્ષનું ઘણું જ વધારે મહત્ત્વ છે. ધર્મશાસ્ત્રો અનુસાર એવું માનવામાં આવે છે કે, એકમુખી રુદ્રાક્ષ સાક્ષાત્ શિવ ભગવાનનો અવતાર છે. તેને ધારણ કરનાર વ્યક્તિના જીવનનાં બધાં કષ્ટ અને સંકટ દૂર થઈ જાય છે. તેની સાથે જ એકમુખી રુદ્રાક્ષ વ્યક્તિના જીવનના અંધકારને દૂર કરીને તેમાં પ્રકાશ ભરે છે. માત્ર એટલું જ નહીં, આ રુદ્રાક્ષને પહેરવાથી બ્રહ્મહત્યા જેવાં પાપોમાંથી મુક્તિ મળે છે અને વ્યક્તિ મોહ-માયાની જાળમાંથી મુકત થઈ જાય છે. આ અચૂક ધનપ્રાપ્તિ માટે ઉત્તમ માનવામાં આવે છે.

**એકમુખી રુદ્રાક્ષનું જયોતિષ મહત્ત્વ**

જો કુંડળીમાં 'સૂર્ય નબળો હોય' અથવા 'અસ્ત હોય' તો એકમુખી રુદ્રાક્ષને ધારણ કરવો લાભદાયક રહે છે.


વૈદિક જયોતિષ અનુસાર એકમુખી રુદ્રાક્ષનો સ્વામી સૂર્ય છે. તે કારણે એકમુખી રુદ્રાક્ષને ધારણ કરનાર વ્યક્તિની અંદર ઊર્જા, શક્તિ, નેતૃત્વક્ષમતાનું નિર્માણ થાય છે. સમાજમાં પ્રસિદ્ધિ મળે છે. જો કોઈ જાતકની કુંડળીમાં કોઈ ક્રૂર ગ્રહની દશા કે અંતર્દશા ચાલતી હોય તો તેણે એકમુખી રુદ્રાક્ષને પહેરવો ઉચિત ગણાય છે. તેને ધારણ કરવાથી જાતક ચિંતામુકત અને સાહસિક, નિડર બની જાય છે. શત્રુભયથી મુકત થઈ જાય છે!

**મનોબળમાં વધારો કરે છે**

જે જાતક પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં અસમર્થ હોય છે તથા તેની અંદર સાહસની કમી હોય તેમજ મનોબળ હંમેશાં નબળું પડતું જતું હોય તો એવાં લોકોને એકમુખી રુદ્રાક્ષ પહેરવો ઉચિત રહે છે. આ રુદ્રાક્ષ મનોબળને વધારે છે.

**આધ્યાત્મિક વિકાસ**

એકમુખી રુદ્રાક્ષને ધારણ કર્યા બાદ ધારણ કરનાર વ્યક્તિની આધ્યાત્મિક ઈચ્છાઓ પૂરી થાય છે અને મનને શાંતિ મળે છે. આ રુદ્રાક્ષના પ્રભાવથી મગજમાં ખોટી ભાવનાઓ ઉત્પન્ન થતી નથી. વ્યક્તિ ઈશ્વરના શરણમાં જાય છે, ધાર્મિક કાર્યોમાં રુચિ વધે છે, જીવન સુખમય અને અધ્યાત્મ તરફ અગ્રેસર થાય છે.



**કેરિયરમાં સફળતા**

આ રુદ્રાક્ષને ધારણ કરનાર વ્યક્તિ બહુ જ ભાગ્યશાળી હોય છે. તેને ધારણ કર્યા પછી કેરિયરની ચિંતામાંથી મુક્તિ મળે છે. કેરિયર બનાવવામાં આ રુદ્રાક્ષ પોતાની રીતે જ આપણો માર્ગ નક્કી કરે છે. આપણને માર્ગદર્શન કરે છે. એકમુખી રુદ્રાક્ષ કેરિયર તથા વ્યવસાયમાં સફળતા અપાવવા માટે સહાયક બને છે. સરકારી કાર્યોમાં કોઈ પણ પ્રકારની રુકાવટ આવતી હોય તો એકમુખી રુદ્રાક્ષ પેન્ડલના પ્રભાવથી તે રુકાવટ પોતાની રીતે દૂર થઈ જાય છે!

**ધન-સંપત્તિમાં વૃદ્ધિ**

આ રુદ્રાક્ષમાં ધનને ચુંબકની જેમ પોતાની તરફ ખેંચવાનો ગુણ છે. જે જાતક આ રુદ્રાક્ષને ધારણ કરે છે તેના કામકાજમાં સારો ધનલાભ થાય છે. એકમુખી રુદ્રાક્ષમાં દૈવીય શક્તિ પણ સમાયેલી હોય છે, જેનો લાભ મનુષ્યને મળે છે. એટલા માટે સંકોચ વગર આ રુદ્રાક્ષને અવશ્ય ધારણ કરવો જોઈએ.

> **એકમુખી રુદ્રાક્ષમાં સાક્ષાત્ મહાદેવ નિવાસ કરે છે. આ રુદ્રાક્ષ પહેરવાથી બ્રહ્મહત્યા જેવાં પાપોમાંથી મુક્તિ મળે છે...જીવનના અંધકારને દૂર કરીને તેમાં પ્રકાશ ભરે છે. મનોબળ મજબૂત થાય છે. સૂર્ય નબળો હોય તેમણે પણ ધારણ કરવો જોઈએ!**

એકમુખી રુદ્રાક્ષ ધારણ કરવાની વિધિ

રવિવાર, સોમવાર અથવા શિવરાત્રિ કે મહાશિવરાત્રિના દિવસે રુદ્રાક્ષને ધારણ કરવો શુભ હોય છે.

સવારે સૂર્યનારાયણ ભગવાનને તાંબાના લોટાથી જળ ચઢાવવું.

રુદ્રાક્ષ ધારણ કરતાં પહેલાં એક વાટકીમાં ગંગાજળ, દૂધ, દેશી ઘી, મધ અને મિશ્રીને ઘોળી લો અને તેમાં રુદ્રાક્ષને મૂકી દો. આ મિશ્રણની માત્રા એટલી હોવી જોઈએ કે રુદ્રાક્ષ તેમાં ડૂબી જવો જોઈએ.

રુદ્રાક્ષને જાગૃત કરવા માટે 'ૐ હ્રીં નમહ' મંત્રનું ઉચ્ચારણ 1100 વાર કરવું. જપ કર્યા બાદ રુદ્રાક્ષને ગંગાજળથી ધોઈને પોતાના ગળામાં ધારણ કરી લેવો.

# રાશિ અનુસાર કરો શિવ આરાધના

***ભગવાન શિવ ભોલે ભંડારી છે. તેમની પૂજા જે વ્યક્તિ જે ભાવથી કરે છે, તે તેનાથી જ પ્રસન્ન થઇ જાય છે. સર્વસુલભ જલથી જ્યારે શિવલિંગનો અભિષેક કરે છે.... તો ભગવાન શિવના વિશેષ આશીર્વાદ મળે છે. પોતાની આ પ્રકૃતિના કારણે તેમને શિવ અને ભોલેનાથ જેવી સંજ્ઞા આપવામાં આવી છે. તે બધાનું કલ્યાણ કરનાર છે. એમ તો શિવની પૂજા આપણે બધા કરીએ જ છીએ પરંતુ જો રાશિ અનુસાર ભગવાન શિવની પૂજા કરવામાં આવે.... તો ભગવાન શિવ પાસે શીઘ્ર (જલદી)થી જ મનને અનુકૂળ આશીર્વાદ મળી શકે છે. પ્રસ્તુત લેખમાં પોતાની રાશિ અનુસાર ભગવાન શિવની પૂજા કેવી રીતે કરવી? તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.***

**મેષ રાશિ :** જો મેષ રાશિવાળાં લોકોને કોઇ પ્રકારની માનસિક સમસ્યા રહેતી હોય અથવા કોઈ પ્રકારનો તણાવ હોય કે કાર્યક્ષેત્રમાં નુકસાન થતું હોય... તો તે લોકો શિવરાત્રિ પર શિવલિંગ પર બિલીપત્ર પર સફેદ ચંદનથી શ્રીરામ લખવું. પછી પાણીથી અભિષેક કરીને બીજી સામગ્રી અર્પણ કરવી. ત્યાર બાદ ઓમ નમઃ શિવાય બોલતાં બોલતાં દરેક બિલીપત્ર શિવજીને અર્પણ કરવું.


**વૃષભ રાશિ :** આ રાશિવાળાં કોઇ પણ સમસ્યા વગર અથવા પોતાના કોઇ વિશેષ કાર્યની સિદ્ધિ માટે દૂધ-દહીંથી અભિષેક કરવો. સૌ પ્રથમ શિવલિંગ પર દહીંથી અભિષેક કરવો. પછી સાદા પાણીથી, પછી મધથી, પછી ફરીથી પાણીથી, પછી સાકરથી, પછી ફરીથી પાણીથી, પછી દૂધમિશ્રિત પાણીથી ધારાની સાથે બાર જ્યોતિર્લિંગના મંત્રો બોલવા. પછી શિવલિંગને ચંદનનું તિલક કરીને હરસિંગારનું અત્તર ચઢાવવું. આ પ્રકારે અભિષેક કરવાથી તમે આખું વર્ષ પ્રસન્નતાનો અનુભવ કરશો તથા તમારાં બધાં કામો થશે.

**મિથુન રાશિ :** આ રાશિનો સ્વામી બુધ છે. જો કે તે ચંદ્રનો પ્રબળ શત્રુ છે. એટલા માટે કોઇ પણ વ્યક્તિની પત્રિકામાં જો ચંદ્રની સ્થિતિ જરા પણ પ્રતિકૂળ હોય.... તો મિથુન રાશિનાં લોકો આર્થિક સમસ્યાનો અનુભવ કરે છે. એટલા માટે તેઓ પૈસા પ્રાપ્ત કરવા માટે શિવરાત્રિમાં શિવલિંગ પર મધથી અભિષેક કરવો. જો તે લોકો હંમેશા માટે મધથી અભિષેક કરે તો પછી ક્યારેય આર્થિક સમસ્યા રહેતી નથી. મધથી અભિષેક કરતા સમયે ઓમ નમઃ શિવાય કાલં મહાકાલં, કાલં કૃપાલં ઓમ નમઃનો જાપ કરતાં રહેવું. આ પ્રકારે શિવની આરાધનાનો પ્રારંભ મહાશિવરાત્રિ પર કરવો.

**કર્ક રાશિ :** આ રાશિનો સ્વામી ચંદ્ર છે, જે શિવજીનું પ્રિય આભૂષણ છે એટલા માટે ક્યારેય પણ કર્ક રાશિવાળા કોઇ પણ પ્રકારની સમસ્યાથી પીડાતાં હોય તો તેમને સમસ્યામાંથી મુક્તિ-છૂટકારો મેળવવા માટે શિવરાત્રિ પર શિવલિંગને દૂધ, દહીં, ગંગાજળ અને મિશ્રીથી અભિષેક કરવો જોઇએ. અભિષેકની સાથે સાથે ઓમ ચન્દ્રમૌલેશ્વર નમઃ નો જાપ કરતાં રહો. કર્ક રાશિવાળાં જો આ સામગ્રીથી હંમેશા જો શિવલિંગનો અભિષેક કરવામાં આવે તો કોઇ પણ પ્રકારની સમસ્યા તેમની પાસે આવશે જ નહીં.

**સિંહ રાશિ :** આ રાશિનો સ્વામી સૂર્ય છે. જો કે તે અત્યંત તેજ પ્રભાવનો સ્વામી છે. આ કારણે આ રાશિનાં લોકો નેતૃત્વ કરવામાં સક્ષમ હોવાની સાથે સાથે વધારે ક્રોધિત સ્વભાવ તેમજ નાની-નાની વાત પર ખોટું માનનાર હોય છે. એટલા માટે તેમના શત્રુ પણ વધારે હોય છે. જો સિંહ રાશિનાં લોકો શત્રુ વર્ગથી રક્ષણ મેળવવા ઇચ્છતા હોય તો તેમણે શિવરાત્રિ પર શિવલિંગને ઓમ નમઃ શિવાય કાલં મહાકાલ કાલં કૃપાલું ઓમ નમઃ ના જપની સાથે સાથે શુધ્ધ ઘીનો અભિષેક કરવો. તેના પ્રયોગથી સિંહ રાશિવાળાં પોતાના શત્રુઓથી રક્ષણ અને આર્થિક સંકટથી પણ બચાવ થશે.

**કન્યા રાશિ :** આ રાશિનો સ્વામી બુધ છે. આ રાશિનાં લોકો જો આર્થિક સમસ્યા, અપયશ અથવા અચાનક નુકસાનીનો અનુભવ કરતા હોય તો આ બધાથી બચવા માટે શિવરાત્રિમાં શિવલિંગ પર દૂધ, ઘી અને મધથી અભિષેક કરવો. બિલી પત્ર, મંદારનાં ફૂલ, ધંતૂરો તથા બોરનું ફળ અર્પણ કરવું. ત્યાર બાદ ભાંગ અર્પણ કરવી. જો આ લોકો હંમેશા આ સામગ્રીથી અભિષેક કરે તો..... પછી ક્યારેક ઉપરોક્ત કોઇ પણ સમસ્યા રહેશે નહીં. અભિષેક કરતા સમયે ઓમ નમો શિવાય કાલં ઓમ નમઃ નો જપ કરતાં રહેવું. આ પ્રકારે શિવ આરાધનાનો આરંભ શિવરાત્રિ પર કરવો.



જડીબુટ્ટી
નજુમી

**તુલા રાશિ :** આ રાશિનો સ્વામી શુક્ર છે. આ રાશિનાં લોકોને કોઇ પણ પ્રકારની સમસ્યાથી બચવા માટે ભોલે ભંડારીની કૃપા કરવા માટે દહીં અને શેરડીના રસથી શિવલિંગનો અભિષેક કરવો જોઇએ. અભિષેક પછી ગરીબોમાં થોડીક મિશ્રીનું દાન અવશ્ય કરવું.

**વૃશ્ચિક રાશિ :** આ રાશિનો સ્વામી મંગળ છે. આ રાશિવાળાં શિવરાત્રિ પર તીર્થસ્થળનું જળ, દૂધમાં સાકર ભેળવીને અભિષેક કરવો. ત્યાર બાદ લાલ ચંદનથી શિવજીને તિલક કરવાથી વધારે લાભ પ્રાપ્ત થાય છે. તેનાથી શત્રુ વર્ગ પણ પરાસ્ત થાય છે.

**ધન રાશિ :** આ રાશિનો સ્વામી ગુરુ છે. આ રાશિનાં જાતકોએ હંમેશા શિવલિંગને કાચું દૂધ, કેસર, ગોળ,અને હળદરનું શિવલિંગને તિલક કરવું જોઇએ. પીળાં ફૂલ અર્પણ કરવાં. અભિષેક કરતા સમયે ઓમ નમો શિવાય ગુરુદેવાય નમઃ ઓમનો જપ કરવો જોઇએ.

**મકર રાશિ :** આ રાશિનો સ્વામી શનિદેવ છે. આ રાશિનાં જાતકોને જો શત્રુ નડતર હોય, માનસિક કષ્ટ રહેતું હોય અથવા કાર્યોમાં વિઘ્ન આવતા હોય તો શિવરાત્રિ પર ઘી, મધ, દહીં અને બદામના તેલથી અભિષેક બાદ નાળિયેરનાં જળથી અભિષેક કરવો જોઇએ અને ભૂરું ફૂલ અર્પણ કરવું. અભિષેકના સમયે ઓમ નમઃ શિવાયનો જપ કરવો.

**કુંભ રાશિ :** આ રાશિનો સ્વામી પણ શનિદેવ છે. આ રાશિનાં જાતકોને પારિવારિક કષ્ટ હોય, ધનહાનિ થતી હોય તો, શારીરિક કષ્ટ રહેતું હોય અથવા કાર્યોમાં વિઘ્ન આવતું હોય - તો શિવરાત્રિ પર ઘી, મધ, સાકર અને બદામના તેલથી અભિષેક બાદ નાળિયેરનાં પાણીથી તિલક કરી ફરીથી કંકુથી તિલક કરવું. ભૂરા રંગનાં ફૂલ અર્પણ કરવું. અભિષેકના સમયે ઓમ નમઃ શિવાય અથવા દ્વાદશ જ્યોતિર્લિંગના મંત્ર અથવા પછી મહામૃત્યુંજય મંત્રનો જપ કરવો જોઇએ.

**મીન રાશિ :** આ રાશિનો સ્વામી ગુરુ છે. આ રાશિનાં જાતકોને કાચા દૂધમાં કેસર અને તીર્થજળ ભેગું કરીને અભિષેક કરવો જોઇએ. અભિષેક બાદ કેસર અને હળદરથી તિલક કરવું. પીળાં ફૂલ અને નાગકેસરની સાથે કેસરના રેસા અર્પણ કરવા. અભિષેક કરતાં સમયે ઓમ નમો શિવાય ગુરુદેવાય નમઃ ઓમનો જપ કરવો જોઇએ.

# ગર્ભ ગૌરી રુદ્રાક્ષ

સમસ્યા અને સમાધાન
વાય.જે.ટી.

પોતાનાં સંતાનોને સમય પર લગ્ન કરવા તે આજે એક મોટી સમસ્યા રૂપ લઈ રહી છે. પુત્ર કે પુત્રીના લગ્નમાં કેટલાય પ્રકારનું નડતર કે સમસ્યાઓ ઊભી થઈ જાય છે. કયારેક યોગ્ય વર કે કન્યા નથી મળતી... તો કયારેક શિક્ષણ, કયારેક સુંદરતા... કયારેક કુંડળી મેળાપક. કયારેક ખાનદાન... વગેરેમાં કોઈ ને કોઈ કારણસર લગ્નમાં વિલંબ થઈ જાય છે.

સંતાનોની વધતી ઉંમર જોઈને માતા-પિતાની ચિંતાઓ તો વધતી જ જાય છે. મનુષ્યની પ્રકૃતિ છે કે તે એકલો રહી શકતો નથી. કોઈ ને કોઈનો સાથ ઈચ્છે છે.

યુવા અવસ્થામાં આવતાં જ તેને એક એવા સાથીની જરૂર પડે છે કે તેનો જીવનભર સાથ નિભાવી શકે. લગ્નનો એક સમય હોય છે. જો ચઢતી ઉંમરમાં લગ્ન સંપન્ન થઈ જાય તો લગ્નજીવનના રસને ગંધમય બનાવીને પ્રફુલ્લિત કરે છે.

જયારે સમય પર લગ્ન ના થવાથી છોકરા-છોકરીઓ વિભિન્ન પ્રકારના માનસિક તથા શારીરિક રોગોથી અકળાઈ ગયેલા જોવા મળે છે. સાથે જ તેના વડીલો પણ માનસિક અશાંતિના કારણે ત્રસ્ત થઈ જાય છે!

લગ્ન વિલંબની સમસ્યાને હલ કરવા માટે સામાન્ય રીતે મંત્ર-જપની સલાહ આપવામાં આવે છે. પરંતુ મંત્રજપની શાસ્ત્રાનુમોદિત તેમ જ અનુભવસિદ્ધ પ્રવિધિ શું છે? તેનું સમ્યક્ જ્ઞાન ન તો મંત્ર આપનારને હોય છે અને ના તો મંત્ર ગૃહિતાને!

મંગળ દોષ અથવા કુંજ-દોષ, કુંભ વિવાહ એક એવો વિષય છે જેના વિશે અથવા તો મંગળ દોષની તીક્ષ્ણતાની વ્યાખ્યા જરૂર કરતાં વધારે કરવામાં આવે છે અથવા તેની વક્રતાને જરૂર કરતાં વધારે પ્રસ્તુત કરવામાં આવે છે. જયારે નુકસાન બંને સ્થિતિમાં થાય છે. મંગળદોષના શમન માટે ઉદ્ધૃત મંત્ર તેમજ પ્રયોગ, પ્રભાવિત જાતકોને દામ્પત્યનું સુખદ પરિણામ આપવામાં સક્ષમ હોય છે. લગ્ન -વિલંબની પરિશાંતિ દિશામાં મંત્રની સાથે -સાથે વ્રત -ઉપાસનાના મહત્ત્વનો પણ ઉલ્લેખ છે. વ્રત ભારતીય સંસ્કૃતિનું ઉર્જસ્વલ આયામ છે.

લગ્ન નડતર તેમ જ દામ્પત્ય સુખ માટે મંગળગૌરી વ્રત કરી શકાય છે. આ બહુ પરીક્ષિત છે તથા શીઘ્ર ફળદાયક છે. 'પાર્વતી મંગળ સ્તોત્ર'નો પાઠ કરવો પણ ખૂબ લાભદાયક અને પરિણામદાયક છે.

દામ્પત્ય જીવન પછી પણ છૂટાછેડા અને વિરોધ પણ એક દારુણ સમસ્યાનું કેન્દ્ર છે. લગ્ન પછી દામ્પત્ય જીવનમાં જો કોઈ પ્રકારની વંચના અથવા ખાલીપણું હોય તો તેના શમન માટે પણ મંત્રોપાસના અને વ્રત વગેરેનું પાલન કરવામાં આવે છે.

જો તમે પણ અથવા તમારા પરિવારમાં કોઈ પણ વધારે ઉંમર થયા બાદ લગ્ન ન થવાના કારણે પરેશાન હોય તો શિવ-ગૌરી કવચ તેમની સમસ્યાના નિદાનમાં મદદરૂપ થાય છે. આવા જ યુવકો માટે વિશેષ કરીને આ 'શિવ-ગૌરી કવચ' નિમિત્ત કરવામાં આવે છે, જેને ધારણ કરવાથી શીઘ્ર તમારા લગ્ન કરવા માટે આવતું નડતર -અવરોધ, વિઘ્નો આપોઆપ જ સમાપ્ત થઈ જશે અને તમારું લગ્ન થઈ જશે.


બીજી તરફ લગ્ન પછી પણ જો લગ્નજીવન- દામ્પત્યજીવન સુખપૂર્વક પસાર થતું ના હોય તો તેના માટે આ સુવર્ણ અવસર છે.

જી. હા. તમે ઉપરોક્ત સમસ્યાઓના નિવારણ માટે વિશેષ રીતે બનાવેલા 'શિવ-ગૌરી કવચ'ને ધારણ કરી શકો છો.

**દામ્પત્ય સુખ મધ જેવું મધુર કરવા માટે**

જો તમારાં લગ્ન થઈ ગયાં હોય અને દામ્પત્ય સુખમાં અવરોધનો સામનો કરવો પડતો હોય.. મતલબ કે તમારું દામ્પત્ય જીવન સુખમય પસાર ના થતું હોય તો...પતિ પત્ની વચ્ચે તિરાડ વધતી જતી હોય અને આવનારા દિવસમાં વાદ-વિવાદ થતો રહેતો હાય, ગૃહ-કલેશ થતો રહેતો હોય... ઘરમાં તનાવપૂર્ણ માહોલ રહેતો હોય, વાત-વાતમાં પતિ પત્ની વચ્ચે મતભેદ ઉત્પન્ન થતા હોય- તો એવી પરિસ્થિતિમાં તમારે ચોક્કસ ભગવાન રુદ્રની દેન 'રુદ્રાક્ષ'ની મદદ લેવી જોઈએ.

તેના પ્રભાવથી તમારા દામ્પત્યજીવનમાં ઘૂંટાઇ રહેલી કડવાશ ફરીથી મીઠાશમાં પરિવર્તન થઈ જશે અને તમે ફરીથી દામ્પત્યજીવનનું સુખ ભોગવવા લાગશો. રુદ્રાક્ષ ધારણ કરવાની સાથે સાથે દામ્પત્યસુખની પ્રાપ્તિ હેતુ બ્લ્યૂ ટોપાઝ પણ પહેરવો જોઈએ.



**નિઃસંતાન દંપતીઓ માટે કોઇ ચમત્કારથી ઓછો નથી : ગર્ભ ગૌરી રુદ્રાક્ષ**

જેઓને અત્યાર સુધી સંતાનસુખ પ્રાપ્ત થયું નથી તેમને આ રુદ્રાક્ષથી નિઃસંતાન સ્ત્રી ધારણ કરે તો તે જલદી માતા બની શકે છે. સાથે જ ગર્ભવતી સ્ત્રીઓને જેઓને ગર્ભાવસ્થા દરમિયાન અનેક પરેશાનીઓ આવી હોય તેમને માટે પણ આ રુદ્રાક્ષ ગર્ભનું રક્ષણ કરીને સ્વસ્થ સંતાનને જન્મ આપવામાં મદદ કરે છે.

> **ઘણા પ્રયત્નો કરવા છતાં છોકરા -છોકરીનાં લગ્ન ના થતાં હોય તો શિવ-ગૌરી કવચ ધારણ કરવું તે ઉપાય છે. ઘણાં વર્ષો પછી સંતાન ના થતું હોય તો પાર્વતી માતાજીની શીઘ્ર કૃપા માટે ચમત્કારિક પરિણામ આપે છે**

**ગર્ભગૌરી રુદ્રાક્ષ ધારણ કરવાથી લાભ**

જો કોઈ સ્ત્રી માતૃસુખ કે સંતાનસુખ મેળવવા ઈચ્છતી હોય, તો તેને ગર્ભ ગૌરી રુદ્રાક્ષ જરૂર ધારણ કરવો જોઈએ. ગર્ભ ગૌરી રુદ્રાક્ષને ગળામાં ધારણ કરવાથી મનમાં સકારાત્મક ઊર્જાનો પ્રવાહ વહે છે અને મન પ્રફુલ્લિત રહે છે.

ગર્ભાધાનમાં વિલંબ કે કોઈ સમસ્યા આવતી હોય તો ગર્ભ ગૌરી રુદ્રાક્ષ અવશ્ય ધારણ કરવો જોઈએ.

**મા અને સંતાન વચ્ચે મધુર સંબંધ બનાવવા માટે ધારણ કરી શકાય!**

-મા અને સંતાન વચ્ચે મધુર સંબંધ બનાવવા માટે પણ 'ગર્ભ ગૌરી રુદ્રાક્ષ' ધારણ કરી શકાય છે.

- આ રુદ્રાક્ષને ધારણ કરવાથી ગર્ભપાતનો ખતરો રહેતો નથી.
- જો ગર્ભવતી સ્ત્રી આ રુદ્રાક્ષને ધારણ કરે તો તેની પ્રસૂતિ પણ આરામથી થઈ જાય છે.
- જે લોકોની કુંડળીમાં રાહુ-કેતુ પીડા આપી રહ્યા હોય તેમણે પણ રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ.

રુદ્રાક્ષ ભગવાન શિવને અતિપ્રિય છે. આ શિવનાં નેત્રોથી પડેલાં આંસુ (અશ્રુ)નાં ટીપાંથી ઉત્પન્ન થાય છે. એટલા માટે તે સર્વત્ર પૂજનીય ને પવિત્ર છે. રુદ્રાક્ષ અનેક મુખોવાળા જોવા મળે છે. તેમાં આ વિશિષ્ટ રુદ્રાક્ષોમાંથી એક છે ગર્ભ ગૌરી રુદ્રાક્ષ તેને 'ગણેશ ગૌરી રુદ્રાક્ષ' પણ કહેવાય છે. તેમાં બે રુદ્રાક્ષ એકબીજાથી જોડાયેલા હોય છે. મોટો રુદ્રાક્ષ માતા પાર્વતીજીનું પ્રતીક છે અને નાનો રુદ્રાક્ષ તેમના પુત્ર ગણેશજીનું છે.

**ગર્ભ ગૌરી રુદ્રાક્ષ પહેરવાની વિધિ**

ગર્ભ ગૌરી રુદ્રાક્ષને સોમવારના દિવસે ધારણ કરી શકાય છે. તે પહેલાં ગંગાજળથી સારી રીતે ધોઇ લેવો. પછી પૂજા સ્થાનમાં લાલ કપડું પાથરીને તેને રાખવો અને ચંદનનું તિલક રુદ્રાક્ષને કરવું. ધૂપ અથવા અગરબત્તી બતાવવી. રુદ્રાક્ષ પર સફેદ રંગનું ફૂલ અર્પણ કરવું. ત્યાર બાદ 'ૐ નમઃ શિવાય' મંત્રની 21 માળા જપ કરવી. ત્યાર પછી રુદ્રાક્ષને શિવલિંગને ટચ કરીને ધારણ કરી લેવો. તેને ચાંદીના પેન્ડલ બનાવીને ચાંદીની ચેન અથવા લાલ દોરામાં ગળામાં પહેરી શકાય છે.